પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૪૨ | ૨૩ એપ્રિલ, ૨૦૨૨, શનિવાર; ચૈત્ર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# કાશ્મીરમાં બે એન્કાઉન્ટરમાં છ આતંકી ઠાર

**એક જવાન શહીદ : જમ્મુ-કાશ્મીરમાં ૯ જવાનોને ઈજા : બે દિવસ બાદ વડાપ્રધાન કાશ્મીરના પ્રવાસે જવાના છે**





નવી દિલ્હી, તા.૨૨

જમ્મુ કાશ્મીરના વિભિન્ન વિસ્તારોમાં છેલ્લા અમુક કલાકોમાં ૨ એક્રાઉન્ટર થયા છે જેમાં કુલ ૬ આતંકવાદી માર્યા ગયા છે. આતંકવાદીઓ વિરૂદ્ધના આ ઓપરેશનમાં એક ભારતીય જવાન પણ શહીદ થયા છે. જ્યારે અન્ય ૯ જવાનોને ઈજાઓ પહોંચી છે. ઉલ્લેખનીય છે કે, ૨ દિવસ બાદ (૨૪ એપ્રિલના રોજ) વડાપ્રધાન નરેન્દ્ર મોદી જમ્મુ કાશ્મીરના પ્રવાસે જઈ રહ્યા છે.

સૌથી તાજેતરનો હુમલો સવારે ૪:૧૫ કલાકે જમ્મુના સુંજવાં વિસ્તારમાં ચઠ્ઠા કેમ્પ પાસે થયો હતો. આતંકવાદીઓએ સીઆઈએસએફના ૧૫ જવાનોને ડ્યુટી પર લઈ જઈ રહેલી બસ પર હુમલો કર્યો હતો. જોકે સીઆઈએસએફ દ્વારા જવાબી કાર્યવાહી કરવામાં આવતા આતંકવાદીઓ ત્યાંથી ભાગી ગયા હતા. આ સમગ્ર કાર્યવાહીમાં કુલ ૫ જવાન ઘાયલ થયા હતા જેમાંથી સીઆઈએસએફના એક એએસઆઈ શહીદ થયા હતા. શહીદી વહોરનારા જવાનનું નામ એસ પટેલ હોવાનું સામે આવ્યું છે. ૫૫ વર્ષીય તે જવાન સતના (મધ્ય પ્રદેશ)ના રહેવાસી હતા.

● અનુસંધાન પાન-૭ પર

## વીજ કટોકટી ટાળવા ગુજરાત સહિતના રાજ્યોમાં વીજ મથકો શરૂ કરાશે

**રાજ્યોને જણાવાયું છે કે તેઓ નિષ્ક્રિય અથવા સ્ટ્રેસ્ડ થર્મલ પ્લાન્ટને ચાલુ કરે ભલે પછી તેનો ખર્ચ વધારે આવે**

નવી દિલ્હી, તા.૨૨

ઉનાળાના કારણે દેશભરમાં વીજળીની ડિમાન્ડમાં ભારે વધારો થયો છે જેને પહોંચી વળવું મુશ્કેલ હોવાથી ગંભીર વીજ કટોકટી પેદા થવાની શક્યતા છે. વીજ કટોકટીથી બચવા માટે ગુજરાત, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોને તેના બંધ પાવર પ્લાન્ટ ચાલુ કરવા જણાવાયું છે કારણ કે વીજળીનું ઉત્પાદન વધારવામાં નહીં આવે અને ડિમાન્ડ વધતી જશે તો પાવર ગ્રીડ ફેઈલ થવાનો ભય છે.



રાજ્યોને જણાવાયું છે કે તેઓ પોતાના નિષ્ક્રિય અથવા સ્ટ્રેસ્ડ થર્મલ પ્લાન્ટને ચાલુ કરી દે ભલે પછી તેનો ખર્ચ વધારે આવે. નેશનલ ગ્રીડ ઓપરેટરોએ રાજ્યોને શક્ય એટલી વધુ વીજળીનું ઉત્પાદન કરવા જણાવ્યું છે. કેટલાક રાજ્યો મોંઘા ગેસ અને કોલસાથી ઉત્પાદિત વીજળી માટે વધુ ખર્ચ ચુકવવા પણ તૈયાર છે.

કેન્દ્રિય વીજ મંત્રાલયના સૂત્રોએ કહ્યું કે પશ્ચિમના રાજ્યો (ગુજરાત, મહારાષ્ટ્ર)માં વીજળીની કટોકટીનું કારણ કોલસાની અછત નથી, પરંતુ આયોજનનો અભાવ છે. ગ્રીડ ઓપરેટર પાવર સિસ્ટમ ઓપરેશન કોર્પ (પોસોકો)એ વેસ્ટર્ન રિજનના રાજ્યોમાં વધુ પડતા લોડ સામે ચેતવણી આપતો પત્ર લખ્યો છે. મહારાષ્ટ્ર નિર્ધારિત શિડ્યુલ કરતા વધારે પાવર ઉપાડી રહ્યું છે. તેના કારણે ગ્રીડ ફ્રિકવન્સી એક્સકર્ઝન ઘટીને ઈંચ્ઝ નીચે જતું રહ્યું છે.

હાલમાં ગુજરાત, મહારાષ્ટ્ર, છત્તીસગઢ અને દાદરા અને નગર હવેલી દ્વારા વધુ પડતો પાવર ઉપાડવામાં આવતો હોવાથી નેશનલ ગ્રીડ સંકટમાં છે. આ અંગે વેસ્ટર્ન રિજન લોડ ડિસ્પેચ સેન્ટરે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનમાં એક પિટિશન પણ ફાઈલ કરી છે.

ગુજરાત સરકારે સિક્કા પાવર સ્ટેશન માટે આયાતી કોલસો ખરીદવાના ઓર્ડર આપ્યા છે. આયાતી કોલસો ગમે ત્યારે પોર્ટ પર પહોંચશે અને આ પ્લાન્ટને ચાલુ કરવામાં આવશે. આ ઉપરાંત એસ્સાર પાવરના ૧.૨ ગીગાવોટના સલાયા પાવર પ્લાન્ટને પણ શરૂ કરવામાં આવશે.

## દિલ્હીની રોહિણી કોર્ટમાં ફાયરિંગ

**દિલ્હીની રોહિણી કોર્ટમાં વકીલ-સુરક્ષા કર્મી વચ્ચે બબાલ : સુરક્ષા કર્મચારી દ્વારા કરાયેલા ફાયરિંગથી ૨ વકીલોને ગોળી વાગી, સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા**

નવી દિલ્હી, તા.૨૨

દિલ્હીની રોહિણી કોર્ટ બહાર ગોળીબારની ઘટના બની છે. જાણવા મળ્યા મુજબ વકીલ અને કોર્ટની સુરક્ષામાં તૈનાત પોલીસ કર્મચારી વચ્ચે સુરક્ષા તપાસ દરમિયાન બોલાચાલી બાદ ફાયરિંગ થયું હતું. સુરક્ષા કર્મચારી દ્વારા કરવામાં આવેલા ફાયરિંગથી ૨ વકીલોને ગોળી વાગી હોવાનું સામે આવ્યું છે.

રોહિણી કોર્ટના પરિસરમાં ફરી એક વખત ગોળીબાર થયો હોવાનું સામે આવ્યું છે. કોર્ટની બહાર વકીલ અને નાગાલેન્ડ પોલીસ વચ્ચે સુરક્ષા તપાસ દરમિયાન બોલાચાલી થઈ હતી. ફાયરિંગ દરમિયાન ૨ વકીલોને ગોળી વાગી જતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ રોહિણી કોર્ટમાં શૂટઆઉટ અને બોમ્બ બ્લાસ્ટ જેવી ઘટનાઓ થઈ ચુકી છે.

ગત વર્ષે સપ્ટેમ્બર મહિનામાં પણ રોહિણી કોર્ટમાં ગોળીબાર થયો હતો અને ગેંગવોરની ઘટના બની હતી. તેમાં ટિલ્લુ તાજપુરિયા ગેંગના ૨

● અનુસંધાન પાન-૭ પર





## ઘાસચારા કૌભાંડમાં લાલુ યાદવને તમામ કેસમાં જામીન

નવી દિલ્હી, તા.૨૨

લાલુ પ્રસાદ યાદવને ઝારખંડ હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. જસ્ટિસ અપરેશ સિંહની કોર્ટમાંથી તેમને જામીન મળ્યા છે. ચારા કૌભાંડ સાથે જોડાયેલા ડોરંડા મામલે લાલુ યાદવને ૫ વર્ષની સજા સંભળાવાઈ હતી. નીચલી કોર્ટના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર આપવામાં આવ્યો છે. કોર્ટે શુક્રવારે ૧૦ લાખ રૂપિયાના ખાનગી જામીન મંજૂર કર્યા છે. તેમણે સજાનો અડધો સમય જેલમાં પૂરો કરી લેવાના આધારે જામીન આપવામાં આવ્યા છે.

લાલુ પ્રસાદ યાદવને હજુ સુધી કુલ ૪ કેસમાં સજા થઈ છે અને હવે તમામ કેસમાં તેમને જામીન મળ્યા છે. જે બાદ તેમનો જેલમાંથી બહાર નીકળવાનો રસ્તો વિસ્તૃત બની ગયો છે. સીબીઆઈએ આ મામલે કાઉન્ટર એફિડેવિટ ફાઈલ કરી કહ્યુ હતુ કે લાલુ પ્રસાદએ સજાનો અડધો સમય પૂરો કર્યો નથી. કોર્ટે સીબીઆઈની દલીલને ફગાવી દીધી.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૪૫૧ નવા કેસ

નવી દિલ્હી, તા.૨૨

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨,૪૫૧ નવા કેસ નોંધાયા છે. આજે સવારે ૭ વાગ્યા સુધીના કામચલાઉ અહેવાલો મુજબ ભારતનું કોવીડ-૧૯ રસીકરણ કવરેજ ૧૮૬.૨૬ કરોડ (૧,૮૭,૨૬,૨૬,૫૧૫) ને વટાવી ગયું છે. આ ૨,૨૯,૨૯,૬૬૨ સત્રો દ્વારા હાંસલ કરવામાં આવ્યું છે.

૧૨-૧૪ વર્ષની વય જૂથ માટે કોવિડ-૧૯ રસીકરણ ૧૬ માર્ચ, ૨૦૨૨ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું.

અત્યાર સુધીમાં, ૨.૫૭ કરોડ (૨,૫૭,૭૪,૪૧૨) થી વધુ કિશોરોને કોવીડ -૧૯ રસીના પ્રથમ ડોઝ સાથે આપવામાં આવ્યા છે. તેવી જ રીતે, ૧૮-૫૯ વર્ષની વય જૂથ માટે કોવિડ-૧૯ સાવચેતી ડોઝ એડમિનિસ્ટ્રેશન પણ એટલે કે ૧૦મી એપ્રિલ ૨૦૨૨ પછી શરૂ થયું હતું.

## ભારત અને યુકે ૧૦૦ મિલિયન ડોલર સુધી કો-ફાયનાન્સ કરશે

**મેડ ઈન ઈન્ડિયા ઈનોવેશનના ટ્રાન્સફર અને સ્કેલિંગ અપ માટે : બ્રિટનના વડાપ્રધાને ખાસ અંદાજમાં ભારતીય વડાપ્રધાનની મુલાકાત લીધી બોરિસ જોનસને નરેન્દ્રા, માય ખાસ દોસ્તથી સંબોધન શરૂ કર્યું હતું**

નવી દિલ્હી, તા.૨૨

ભારતના પ્રવાસે આવેલા બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસને આજે ખાસ અંદાજમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી. બંને દિગ્ગજ નેતાઓ વચ્ચે પ્રતિનિધિ મંડળ સ્તરની વાર્તા થઈ હતી. આ દરમિયાન બંને દેશ વચ્ચે અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે કરાર થયા હતા. ગ્લોબલ ઈનોવેશન પાર્ટનરશીપ ઈમ્પ્લિમેન્ટેશન એરેન્જમેન્ટ્સનું સમાપન એક ખૂબ જ મહત્વપૂર્ણ પહેલ સાબિત થશે. તે અન્ય દેશો સાથેના અમાર વિકાસ સહભાગીદારીપણાને વધુ મજબૂતાઈ પ્રદાન કરશે. તેના અંતર્ગત ત્રીજા દેશોમાં મેડ ઈન ઈન્ડિયા ઈનોવેશન ના ટ્રાન્સફર અને સ્કેલિંગ અપ માટે ભારત અને યુકે ૧૦૦ મિલિયન ડોલર સુધી કો-ફાયનાન્સ કરશે.

સંયુક્ત નિવેદનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, છેલ્લા અનેક વર્ષોથી ભારત અને યુકેના સંબંધોને મજબૂત કરવામાં વડાપ્રધાન જોનસનની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે. હાલ ભારત જ્યારે પોતાની આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યું છે ત્યારે વડાપ્રધાન બોરિસ જોનસનનું ભારતમાં આગમન પોતાની રીતે એક ઐતિહાસિક પળ છે.



આ તરફ વડાપ્રધાન બોરિસ જોનસને પણ જોરદાર અંદાજમાં સંબોધન કર્યુ હતું. તેમણે 'નરેન્દ્રા, માય ખાસ દોસ્ત!' થી પોતાના સંબોધનની શરૂઆત કરી હતી અને કહ્યું હતું કે, આ પડકારજનક સમયમાં મારૂ માનવું છે કે, આપણે ખાસ મિત્રો વધુ નજીક આવીએ. ગુજરાતમાં અદ્ભૂત સ્વાગત થયું. મને સચિન તેંડુલકર જેવું લાગ્યું. મારો ચહેરો અમિતાભ બચ્ચનની માફક ખીલી ઉઠ્યો હતો.

વધુમાં જણાવ્યું કે, આજે શાનદાર રીતે અમારી વાતચીત થઈ અને અમારા સંબંધોને દરેક રીતે મજબૂત બનાવ્યા છે. ભારત અને બ્રિટન વચ્ચેની ભાગીદારી આપણા સમયની પારિભાષિત મિત્રતા પૈકીની એક છે. બ્રિટિશ ંસ્એ જણાવ્યું કે, બ્રિટન નોકરશાહીને ઘટાડવા અને સંરક્ષણ ખરીદી માટે ડિલિવરીના સમયને ઘટાડવા માટે ભારત એક વિશિષ્ટ ઓપન સામાન્ય નિકાસ લાઈસન્સ બનાવી રહ્યું છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, બંને દેશની ટીમ ફ્રી ટ્રેડ

● અનુસંધાન પાન-૭ પર

## અફઘાનિસ્તાનમાં ટિકટોક અને પબજી ઉપર પ્રતિબંધ

કાબુલ, તા.૨૨

અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે ગુરૂવારે વીડિયો-શેરિંગ એપ ટિકટોક અને સર્વાઈવલ-શૂટર પ્લેયર યુએનડોગ્સ બેટલગ્રાઉન્ડ ગેમ સામે પ્રતિબંધ લગાવવાનો આદેશ આપ્યો. તાલિબાને કહ્યુ કે આ અફઘાનિસ્તાનના યુવાઓને ભટકાવી રહ્યુ છે. ફોન એપ અફઘાનોની વચ્ચે લોકપ્રિય છે. તેમની પાસે મનોરંજન માટે અમુક જ આઉટલેટ્સ રહી ગયા છે કેમ કે કટ્ટર તાલિબાને ગયા વર્ષે સત્તામાં વાપસી કર્યા બાદ સંગીત, ફિલ્મ અને ટેલિવિઝન સીરિયલ પર પ્રતિબંધ લગાવી દીધો. કેબિનેટે એક નિવેદનમાં કહ્યુ, એપ્સએ યુવા પેઢીને ભટકાવી દીધા, દૂરસંચાર મંત્રાલયએ તેમને બંધ કરવાનો આદેશ આપ્યો છે. મંત્રાલયને ટીવી ચેનલોને અનૈતિક સામગ્રી બતાવવાથી રોકવાનો પણ આદેશ આપ્યો છે. જોકે ચેનલ પર સમાચાર અને ધાર્મિક સામગ્રીથી પરે ઘણુ ઓછુ પ્રસારિત કરવામાં આવી રહ્યુ છે.

## કીવમાં બ્રિટનનું દૂતાવાસ ખોલવા જોનસનની જાહેરાત

નવી દિલ્હી, તા.૨૨

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન હાલ ૨ દિવસના ભારત પ્રવાસે છે. ત્યારે આ દરમિયાન જ તેમણે એક ખૂબ જ મહત્વની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, આગામી સપ્તાહથી કીવ ખાતે ફરી એક વખત બ્રિટનનું દૂતાવાસ ખોલી દેવામાં આવશે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન બોરિસ જોનસને ભાર આપીને કહ્યું હતું કે, મુશ્કેલીના આ સમયમાં તેમના ભારત સાથેના સંબંધો વધારે મજબૂત બન્યા છે.











**બીજી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી**



**સ્વ. પ્રદ્યુમનસિંહ કેશરીસિંહ બિહોલા**

સ્વ. તા : ૨૩-૪-૨૦૨૦

સમય જીંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી, વિદાય અણધારી હશે ક્યાં ખબર હતી. આંખો હજી નિહાળે છે તમને અંતર હજુ પોકારે છે, અમને સ્મરણ થાય તારુ ત્યારે મન મુકીને રડાવે છે.
કલ્પી ન શકાય તેવી તારી વસમી વિદાય કાળજું કંપાવી ગઈ.
ક્ષણ, દિવસ, મહિના, વર્ષો સાથે તને યાદ કરતાં ગયા
આપની યાદો સાથે અમે જીવતા શીખતા ગયા...

તારી ખોટ ક્યારેય પુરાશે નહિ.. । તારી યાદો ક્યારેય ભુલાશે નહિ..

બીજી વાર્ષિક પુણ્યતિથિએ સમગ્ર પરિવાર આપને ભાવપૂર્વક શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ....

કેશરીસિંહ બિહોલા (પિતા)
નિકુલસિંહ કેશરીસિંહ બિહોલા (ભાઈ)
ગં. સ્વ. વિલાસબા પ્રદ્યુમનસિંહ બિહોલા (પત્ની)
કૃપા નિકુલસિંહ, વિધિ નિકુલસિંહ (ભત્રીજી)
તથા સમગ્ર બિહોલા પરિવાર